# પ્રકરણ–૧૨
# હિસાબી કામગીરી માટેનું વ્યવસ્થાતંત્ર
# સરદાર સરોવર પુનઃવસવાટ એજન્સી
# તા.૩૦/૪/૨૦૧૬ અંતિત

**(૧) ફંડ મેળવવું તથા ફાળવવા બાબત :**

સરદાર સરોવર પુનઃવસવાટ એજન્સીની રચના નર્મદા અને જળસંપતિ વિભાગના તા.૫–૧૨–૯૨ના ઠરાવ ક્રમાંકઃ ૨હબ–૧૦૯૨–(૧૪૧)–ડ થી થતાં સરદાર સરોવર યોજના સબંધી પુનઃવસવાટ અને પર્યાવરણ અંગેની બાબતોનું અમલીકરણ સરદાર સરોવર નર્મદા નિગમ લિ. અને સ.સ.પુ.વ.એજન્સી, વ્દારા કરવાનું ઠરાવવામાં આવેલ છે. સરકારશ્રીના નર્મદા અને જળસંપતિ વિભાગના ઠરાવ ક્રમાંકઃ ૨હબ–૧૦૯૨–(૧૪૧)–૧૮૭૩–ડ તા.૫–૧૨–૯૨ના ઠરાવથી એજન્સીની નાણાકીય બાબતો અંગે નીતિ નકકી કરવામાં આવેલ છે. તે મુજબ આ એજન્સીની આવક જાવકના હિસાબો તા.૧–૧–૯૩ થી અલગ રાખવા અને કમિશ્નરશ્રી પુનઃવસવાટને એજન્સીનો પીએલએ (એકાઉન્ટ) ફાળવવાનું નકકી થયેલ અને ખર્ચ માટે જરૂરી નાણાં વૈકલ્પિક વ્યવસ્થા અમલમાં ન આવે ત્યા સુધી ખર્ચની કામગીરી નિગમે કરવાની રહેશે એમ નકકી થતાં એજન્સીનો અલગ પીએલએ (એકાઉન્ટ) ન હોય હાલ નિગમ તરફથી ફંડ આપવામાં આવે છે અને તેમાંથી ખર્ચ કરવામાં આવે છે.

**ફંડની ફાળવણી કરવા બાબત :**

સરદાર સરોવર નર્મદા નિગમ લિ. તરફથી મળેલ ફંડ એજન્સીની તાબાની કાર્યપાલક ઈજનેરશ્રી ન.યો.બાંધકામ(પુવ) વિ.નં.૩, વડોદરા ની કચેરીના અધિકૃત ફંડ એકાઉન્ટમાં જમા થાય છે. સ.સ.પુ.વ.એજન્સી હસ્તકની નીચે મુજબની કચેરીઓ કે જેઓને એજન્સીની વિવિધ કામગીરી અર્થે ખર્ચ કરવા અધિકૃત કરેલ છે. તેઓની ફંડ માંગણીની દરખાસ્ત આવ્યેથી હિસાબી એકમ તરફથી જરૂરી નોંધ તૈયાર કરી સંયુકત કમિશનરશ્રી (આયોજન) મારફતે માન.કમિશનરશ્રી (પુવ)ની નોંધ પર મંજુરી મળતાં ફંડ ફાળવણીનો હુકમ કમિશનરશ્રી (પુવ)ના હુકમ નં.નમદ/ મહમ/વશી/૨૫૦૪/ ૨૦૦૨ તા.૨૧/૮/૨૦૦૨ અને તા.૧૫/૧૦/૨૦૦૮ થી આપવામાં આવેલ સુચના અન્વયે હિસાબી અધિકારીશ્રી (વર્ગ–૧)ની સહીથી કરવામાં આવે છે. જે હુકમ આધારે કા.ઈ.શ્રી વિ.નં.૩ની કચેરી ફંડ તબદીલ કરવા સબંધીત તમામ કાર્યવાહી કરે છે.

(૧) કાર્યપાલક ઈજનેરશ્રી, ન.યો.બાં(પુવ)વિ.નં.૧, વડોદરા

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી ન.યો.બાં(પુવ)વિ.નં.૨,કે.કોલોની

(૩) કાર્યપાલક ઈજનેરશ્રી ન.યો.બાં(પુવ)વિ.નં.૩,વડોદરા

(૪) ના.કા.ઈ. , નયોબાંધકામ પે.વિ.૪/૬, વડોદરા

(૫) મદદનીશ કમિશનરશ્રી(આર.એન્ડ ડી.)સ.સ.પુ.વ.એ.વડોદરા.

(૬) મદદનીશ કમિશનરશ્રી જ.પ્રા.સેલ, અમદાવાદ

(૭) મદદનીશ કમિશનરશ્રી જ.પ્રા.સેલ, નડીયાદ

(૮) મદદનીશ કમિશ્નરશ્રી, યુનિટ—૨/૧, નસવાડી

(૯) મદદનીશ કમિશનરશ્રી જ.પ્રા.સેલ, વડોદરા

(૧૦) મદદનીશ કમિશનરશ્રી જ.પ્રા.સેલ,ભરૂચ

(૧૧) નાયબ કા.ઈજનેરશ્રી ન.યો.પે.વિ.નં.૨/૨ કે.કોલોની

(૧૨) મદદનીશ કમિશ્નરશ્રી(ડભોઈ લેન્ડ), ડભોઈ

(૨) માસિક હિસાબો નિગમની કચેરીને મોકલવા અંગે.

સરદાર સરોવર પુનઃવસવાટ એજન્સીના દર મહિને થતાં વિવિધ ખર્ચાઓ અંગેના હિસાબો નિગમે ઠરાવેલ જુદા જુદા હિસાબી ફોર્મમાં તૈયાર કરી પછીના મહિનાની ૭મી તારીખ સુધીમા નિગમની વડી કચેરી, ગાંધીનગરને મોકલી આપવાના થાય છે. તદ્દ ઉપરાંત ત્રિમાસિક ધોરણે નિગમની કચેરી ગાંધીનગર ખાતે હિસાબોનું મેળવણું પણ કરવામાં આવે છે. તે માટે દર મહિને માસિક ખર્ચના હિસાબો મોકલતી કચેરીઓ નીચે મુજબ છે.

(૧) કાર્યપાલક ઈજનેરશ્રી ન.યો.બાં(પુવ)વિ.નં.૧, વડોદરા

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી ન.યો.બાં(પુવ)વિ.નં.૨, કેવડીયા કોલોની

(૩) કાર્યપાલક ઈજનેરશ્રી, ન.યો.બાંધકામ (પુવ)વિ.નં.૩, વડોદરા
(તેઓના હિસાબમાં ના.કા.ઈ.પે. વિ.નં. ૨/૨, કે.કો. તથા ના.કા.ઈ.પે.વિ.૪/૬, તેમજ ક્ષેત્રિય જમીન પ્રાપ્તી સેલની કચેરીઓના ખર્ચનો સમાવેશ કરી લેવામાં આવે છે.)

(૪) મદદનીશ કમિશનરશ્રી(આર.એન્ડ ડી.), વડોદરા

(૩) ખર્ચના હિસાબોના ઓડીટ બાબત :

સ.સ.પુ.વ.એજન્સીના ખર્ચ સબંધી હિસાબોનું ઓડીટ ત્રિમાસિક ધોરણે નિગમે અધિકૃત કરેલા ચાર્ટન્ડ એકાઉન્ટન્ટ વ્દારા હાથ ધરાય છે. અને ઓડીટ અહેવાલ સ.સ.પુ.વ.એજન્સીની સબંધિત કચેરીને તેમજ નિગમની કચેરીને પણ મોકલી આપવામાં આવે છે. તદઉપરાંત સ.સ.પુ.વ.એજન્સી, વડોદરાના હિસાબી અધિકારીશ્રી (વર્ગ—૧) ધ્વારા પણ સમયાંતરે ઉપાડ અધિકારીશ્રીની કચેરીઓનું ઓડીટ હાથ ધરવામાં આવે છે.

ચાર્ટડ એકાઉન્ટન્ટ વ્દારા હાથ ધરાયેલ ઓડીટની છેલ્લી પરિસ્થિતિ નીચે મુજબ છે.

| અ.નં. | કચેરીનું નામ | છેલ્લી ઓડીટનો સમયગાળો. |
|---|---|---|
| ૧ | કાર્યપાલક ઈજનેરશ્રી ન.યો.બાંધકામ(પુવ)વિ.નં.૧, વડોદરા | ૧/૧૦/૧૫ થી તા.૩૧/૧૨/૨૦૧૫ સુધીનું પુર્ણ કરવામાં આવેલ છે. |
| ૨ | કાર્યપાલક ઈજનેરશ્રી ન.યો.બાંધકામ(પુવ)વિ.નં.૨,કે.કોલોની | ૩૦/૯/૨૦૧૫ સુધીનું પુર્ણ કરવામાં આવેલ છે. |
| ૩ | કાર્યપાલક ઈજનેરશ્રી ન.યો.બાંધકામ(પુવ) વિ .નં.૩ વડોદરા | ૩૦/૯/૨૦૧૫ સુધીનું પુર્ણ કરવામાં આવેલ છે. |
| ૪ | મદદનીશ કમિશનરશ્રી (આર.એન્ડ ડી.) વડોદરા | તા.૩૧/૧૨/૨૦૧૫ સુધીનું પુર્ણ કરવામાં આવેલ છે. |

(૪) નિવાસી ઓડીટ અધિકારી (એ.જી.), સ.સ.ન.નિ.લિ.ના ઓડીટ બાબત.

સ.સ.પુ.વ.એજન્સીના ખર્ચના હિસાબોનું ઓડીટ એકાઉટન્ટ જનરલ અધિકારીશ્રી વ્દારા પણ સમયાતંરે હાથ ધરાય છે. ઓડીટની છેવટની પરિસ્થિતિ નીચે મુજબ છે

| અ.નં. | કચેરીનું નામ | છેલ્લી ઓડીટનો સમયગાળો. |
|---|---|---|
| ૧ | કાર્યપાલક ઈજનેરશ્રી ન.યો.બાં(પુવ)વિ.નં.૧,વડોદરા | ૯/૨૦૦૫ થી ૩/૨૦૧૦ સુધી |
| ૨ | કાર્યપાલક ઈજનેરશ્રી ન.યો.બાં(પુવ)વિ.નં.૨,કે.કોલોની | ૪/૨૦૦૩ થી ૮/૨૦૦૫ સુધી |
| ૩ | કાર્યપાલક ઈજનેરશ્રી ન.યો.બાં(પુવ)વિ.નં.૩,વડોદરા | માર્ચ–૨૦૧૫ સુધી |

(૫) જમીન પ્રા.સેલની હિસાબી તપાસણી બાબત :

નાયબ કમિશ્નરશ્રી સંકલન અને વહીવટના હુકમ નં.નમદ/મસબ/વશી/૯૪થી ૧૦૧ /૦૩ તા.૧૪–૨–૨૦૦૩ ના હુકમથી હિસાબી અધિકારી વર્ગ–૧ની કચેરી વ્દારા તાબાની જમીન પ્રા.સેલની કચેરીઓની હિસાબી તપાસણી કરે છે. તે મુજબ છેલ્લી તપાસણી કર્યાની વિગતો નીચે મુજબ છે.

| અ.નં. | કચેરીનું નામ | તપાસણીનો સમયગાળો |
|---|---|---|
| ૧ | મદદનીશ કમિશ્નરશ્રી, જ.પ્રા.સેલ, વડોદરા | તા.૧/૪/૨૦૦૯ થી તા.૩૧/૩/૨૦૧૦ |
| ૨ | મદદનીશ કમિશ્નરશ્રી, જ.પ્રા.સેલ, ગોધરા | તા.૧/૪/૨૦૦૯ થી તા.૩૧/૩/૨૦૧૦ |
| ૩ | મદદનીશ કમિશ્નરશ્રી, જ.પ્રા.સેલ, અમદાવાદ | તા.૧/૪/૨૦૧૦ થી તા.૩૧/૩/૨૦૧૧ |
| ૪ | મદદનીશ કમિશ્નરશ્રી, જ.પ્રા.સેલ, નડીયાદ | તા.૧/૪/૨૦૧૦ થી તા.૩૧/૩/૨૦૧૧ |
| ૫ | મદદનીશ કમિશ્નરશ્રી, જ.પ્રા.સેલ, ભરૂચ | તા.૧/૪/૨૦૧૦ થી તા.૩૧/૩/૨૦૧૧ |

(૬) એજન્સીમાં હિસાબી એકમ ઉભુ કરવા બાબત :

સરદાર સરોવર પુનઃવસવાટ એજન્સી, સરદાર સરોવર બંધથી અસર પામતા ગુજરાત,મહારાષ્ટ્ર અને મધ્ય પ્રદેશના અસરગ્રસ્તોના પુનઃવસવાટ અને પુનઃસ્થાપન માટે જમીનની ખરીદી, નિર્વાહ ભથ્થુ,ઉત્પાદકીય સાધન સહાય વગેરેનું ચુકવણું કરે છે. તદઉપરાંત વસાહત ખાતે નાગરિક સુવિધાઓ અતર્ગત કોર હાઉસ બાંધવા, નિશાળ બાંધવી, રસ્તાઓ બનાવવા, હેન્ડ પંપ/હવાડા/પાણીનીટાંકી બનાવવી, ગટરકાંસ બાંધકામ, વિજળીકરણ, દવાખાના બનાવવા, વિગેરે સુવિધાઓ પાછળ પણ ખર્ચ કરે છે.

| અ.નં. | જગ્યાનું નામ | મંજુર જગ્યા |
|---|---|---|
| ૧ | હિસાબી અધિકારી (વર્ગ–૧) | ૧ |
| ૨ | ઓડીટર ગૃપ–૧ | ૧ |
| ૩ | સીની.કલાર્ક/સબ ઓડીટર ગૃપ–૩ | ૩ |
| | કુલ...... | ૫ |

આ તમામ કામગીરી માટે ગ્રાન્ટ મેળવવી, ગ્રાન્ટની ફાળવણી કરવી, તેના હિસાબોની વ્યવસ્થિત જાળવણી અને જુદા જુદા તબકકે થતાં ખર્ચ પર અસરકારક નિયંત્રણ રાખી કામગીરીમાં એકસૂત્રતા જાળવવા તથા કોઈપણ પ્રકારની નાણાંકીય ગેરરીતી થતી અટકાવવા પ્રાથમિક ઓડીટ સાથે નાણાંકીય વ્યવહારો પર દેખરેખ રાખી શકાય તે માટે ગુજરાત હિસાબી સેવા સંવર્ગના વર્ગ–૧નાં એક હિસાબી અધિકારીના હવાલામાં નીચે મુજબનું નવીન મહેકમ તા.૬/૯/૨૦૦૯ના હુકમથી મંજુર કરવામાં આવેલ છે. જેને કારોબારી સમિતિના મુદ્દા નં.૧૯/૧૨ થી ઉકત પાંચ જગ્યાઓને ચર્ચા વિચારણાને અંતે સર્વાનુમતે મંજુર કરવાનુ ઠરાવેલ છે. હાલ ઉકત હિસાબી એકમ ધ્વારા સ.સ.પુ.વ.એજન્સીની વડોદરાની હિસાબી / નાણાકીય કામગીરી ઉપર દેખરેખ રાખવામાં આવે છે. વર્ષ ૨૦૧૫–૧૬માં મહેકમની પરિસ્થિતિ નીચે મુજબ છે.

| અ.નં. | જગ્યાનું નામ | મંજુર જગ્યા |
|---|---|---|
| ૧ | હિસાબી અધિકારી (વર્ગ–૧) | ૧ |
| ૨ | ઓડીટર ગૃપ–૧ | ૧ |
| ૩ | સીની.કલાર્ક/સબ ઓડીટર ગૃપ–૩ | ૨ |
| ૪ | પટાવાળા (વર્ગ–૪) | ૧ |
| | કુલ...... | ૫ |

(૭) બજેટ

સરદાર સરોવર પુનઃવસવાટ એજન્સીમાં હિસાબી એકમ તા.૬–૯–૨૦૦૦ ના હુકમથી મંજુર થતાં અને આ એકમ કાર્યરત થતાં સ.સ.પુ.વ.એજન્સીના તાબાની તમામ કચેરીઓની માહિતી એકત્રિત કરીને નાણાંકીય વર્ષ મુજબ એક બજેટ બનાવવાની શરૂઆત થઈ તે મુજબ સ.સ.પુ.વ.એજન્સી, વડોદરાની વર્ષવાર બજેટ વિષયક માહિતી નીચે મુજબ છે. (રૂા. હજારમાં)

| અ.નં. | સદર | વર્ષ ૨૦૧૪–૧૫ | વર્ષ ૨૦૧૫–૧૬ | વર્ષ ૨૦૧૬–૧૭ |
|---|---|---|---|---|
| | | બજેટની જોગવાઈ | બજેટની જોગવાઈ | બજેટની જોગવાઈ |
| ૧ | ડાયરેકશન અને એડમીનીસ્ટ્રેશન | ૧૮૪૬૬૩ | ૨૪૨૦૭૧ | ૨૬૯૪૪૮ |
| ૨ | વર્કસ | ૩૨૩૫૬ | ૬૧૧૪૧૯ | ૬૬૯૭૪ |
| ૩ | એમ.પી.ડબલ્યુ એડવાન્સ/ સસ્પેન્સ | ૦ | ૦ | ૨૨૧૦૦૦ |
| ૪ | મશીનરી એન્ડ ઈકવીપમેન્ટ | ૭૧૮ | ૫૬૦ | ૭ |
| ૫ | મીસ. એમ. એન્ડ આર. ટુ વ્હીકલ | ૧૨૮૭૫ | ૧૬૨૦૦ | ૯૦૦૦ |
| ૬ | લોન એન્ડ એડવાન્સીસ | ૨૮૨ | ૩૪૨ | ૭૩૭ |
| | કુલ સરવાળો | **૨૩૦૮૯૪** | **૮૭૦૫૯૨** | **૫૬૭૧૬૬** |

(૮) હિસાબી એકમ ધ્વારા ખર્ચનું પ્રિ ઓડીટ કરવા બાબતના આધારો, નિયમો અને પરીપત્રોની ટુંકી વિગત

(અ) (૧) બાંધકામ નિયમ સંગ્રહ

(૨) ગુજરાત નાણાકીય નિયમો – ૧૯૭૧

(૩) ગુજરાત નાણાંકીય (સત્તા) સોપણીના નિયમો–૧૯૯૮

(૪) ગુજરાત મુલ્કી સેવા નિયમો –૨૦૦૨

(૫) સ.સ.પુ.વ.એજન્સીની સત્તા સોપણીના નિયમો – ૧૯૯૨

(૬) ટેન્ડર / ખરીદ / પાણી કમિટીમાં લેવામાં આવતા નિર્ણયો

(બ) મુખ્ય જનરલ મેનેજર (હિસાબ / નાણા) સ.સ.ન.નિ.લિ., ગાંધીનગરની કચેરીના નીચેની વિગતેના પરીપત્રો

(૧) પરીપત્ર નંબર સ.સ.ન.નિ.લિ, / સી.જી.એમ./નાણાં/૧૮૯ તા.૧૬/૩/૦૪

(૨) પરીપત્ર નંબર સ.સ.ન.નિ.લિ, / મુજમે(હિસાબ)/વર્ગીકરણ/૭૪૯ તા.૨૮/૭/૦૪

(૩) પરીપત્ર નંબર સ.સ.ન.નિ.લિ, / સી.જી.એમ./નાણાં/૬૫૬/૨૦૦૭ તા.૧૦/૯/૦૭

(૪) પરીપત્ર નંબર સ.સ.ન.નિ.લિ,/મુજમે(હિસાબ)/વર્ગીકરણ/૧૮૪૧/૧૦ તા.૧૬/૮/૧૦

(ક) સ.સ.પુ.વ.એજન્સી, વડોદરાના પરીપત્રોની વિગત

(૧) કમિશ્નરશ્રી(પુવ), વડોદરાના હુકમ નં.નમદ/હસબ/વશી/૬૩૧/૨૦૦૧, તા.૫/૩/૦૧

(૨) કમિશ્નરશ્રી(પુવ),વડોદરાના સુધારા હુકમ નં.નમદ/મહમ/વશી/૧૨૧૧/૦૧તા.૭/૫/૦૧

(૩) કમિશ્નરશ્રી(પુવ),વડોદરાના સુધારા હુકમનં.નમદ/હસબ/વશી/૩૬૭/૦૧ તા.૧૪/૬/૦૧

(૪) કમિશ્નરશ્રી(પુવ), વડોદરાના હુકમ નં.નમદ/હસબ/વશી/૫૨–૬૯/૦૨, તા.૨૨/૨/૦૨

(૫) નાયબ કમિશ્નરશ્રી(સં×વ), વડોદરાના પરીપત્ર નં. નમદ/મહમ/વશી/૧૧૭ થી ૧૫૦/૦૨ તા.૩૦/૩/૨૦૦૨

(૬) અધિક કમિશ્નરશ્રી, સ.સ.પુ.વ.એજન્સી પત્ર ક્રમાંક લેન્ડ સેલ/વશી/૪૩૮/૨૦ તા.૧૮/૧૦/૨૦૦૦ (લેન્ડ સેલ)ની કચેરીમાંથી જમીન ચૂકવણાની સુચના સંદર્ભનો પરીપત્ર)

(૭) નં.નમદ/હસબ/૭૯૭થી ૮૦૨/૨૦૦૫ તા.૨૬/૯/૨૦૦૫

(૮) નં.નમદ/હસબ/બીલો/પ્રીઓડીટ/વશી/૨૩૬ થી ૨૭૧/૨૦૧૩ તા.૧૮/૬/૨૦૧૩

(૯) નં.નમદ/હસબ/બીલો/પ્રીઓડીટ/વશી/૪૭૬ થી ૫૧૨/૨૦૧૪ તા.૧૧/૧૨/૨૦૧૪

હિસાબી અધિકારી(વર્ગ–૧)
સ.સ.પુ.વ.એજન્સી
વડોદરા